# કોન્સ્યુલર અફેર્સ પર ભારત-UAE સંયુક્ત સમિતિની 5મી બેઠક

15 મે, 2024

14મી મે 2024ના રોજ નવી દિલ્હી ખાતે કોન્સ્યુલર અફેર્સ (JCCA) પર સંયુક્ત સમિતિની 5મી બેઠક યોજાઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ભારત સરકારના વિદેશ મંત્રાલયના સચિવ (CPV અને OIA) શ્રી મુક્તેશ પરદેશીએ કર્યું હતું. UAE પ્રતિનિધિમંડળનું નેતૃત્વ UAE ના વિદેશ મંત્રાલયના સ્થાયી સચિવ મહામહિમ શ્રી ખાલેદ બેલહૌલ કરી રહ્યા હતા.

2. ભારત અને UAE ઉષ્માભર્યા, ગાઢ અને બહુપક્ષીય સંબંધોનો આનંદ માણે છે જે બંને પક્ષો વચ્ચે મિત્રતાના ઊંડા બંધનો પર રચાયેલા છે. બંને દેશો વચ્ચેના સંબંધો, જે 2017માં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં ઉન્નત થયા હતા, તેમાં પરસ્પર સહયોગના તમામ ક્ષેત્રો-રાજકીય, આર્થિક, વેપાર, વાણિજ્ય, સંરક્ષણ, સાંસ્કૃતિક, ટેક્નોલોજી અને ઉર્જાનો સમાવેશ થાય છે, જે લોકોના પરસ્પરના સંબંધોની અસાધારશિલા છે. UAE હાલમાં 3.5 મિલિયનથી વધુ ભારતીય નાગરિકોનું યજમાન છે, જે ભારતની બહાર સૌથી મોટો ભારતીય સમૂહ છે.

3. બંને પક્ષોએ શ્રમ, વિઝા, સ્થળાંતર, નાગરિકતા અને પ્રત્યાર્પણ સહિત અન્ય બાબતોને આવરી લેતા કોન્સ્યુલર મુદ્દાઓ પર સંકલન અને સહકારને મજબૂત કરવા માટેની પદ્ધતિઓ પર વ્યાપક ચર્ચાઓ કરી હતી. UAE પક્ષે, UAEમાં ભારતીય કામદારોના કલ્યાણને સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાંઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. બંને પક્ષોએ નાગરિક-કેન્દ્રિત કોન્સ્યુલર મિકેનિઝમ્સ બાબતનું કામ કરવાનું ચાલુ રાખવાની તેમની પ્રતિબદ્ધતાનું પુનરાવર્તન કર્યું હતું.

4. બંને પક્ષોએ લોકોના પરસ્પર આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા અને સ્થળાંતર અને આવન-જાવન સંબંધિત કરારો બાબતે વહેલી તકે નિષ્કર્ષ લાવવા સહિત પરસ્પર હિતના અન્ય મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. બેબેઠકના પરિણામોમાં એકબીજાના દેશોના નાગરિકો સાથે સંબંધિત આંકડાઓની નિયમિત આદાનપ્રદાન કરવાનો અને કોન્સ્યુલર બાબતો પર શ્રેષ્ઠ રીતિઓ અપનાવવાનો પણ સમાવેશ થાય છે.

5. બંને પક્ષો બેઠકમાં લેવાયેલા સંમત નિર્ણયો પર ફોલો-અપ કરવા અને પરસ્પર અનુકૂળ તારીખે અબુ ધાબીમાં યોજાનાર આગામી કોન્સ્યુલર સંવાદમાં તેની સમીક્ષા કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**15મે, 2024**